| | |
|---|---|
| GJKT180002752026 | Presented on : 09-03-2026<br>Registered on : 09-03-2026<br>Decided on : 16-03-2026 |

| Duration : | Years | months | day |
|---|---|---|---|
| | 00 | 00 | 06 |

**IN THE COURT OF**
**5th ADDL DISTRICT JUDGE AT BHACHAU,KACHCHH**
**Presided Over by B.L.CHOITHANI**

---

**CRMA S/125/2026**

**Exhibit No.:**

**Applicant:**

BHARAT KESHABHAI AKHIYANI; Age: 23
Address: JUNA TRAMBO, TAL- RAPAR, DIST- KACHCHH

**VERSUS**

**Opponent:**

THE STATE OF GUJARAT
AGP OFFICE ADDITIONAL DISTRICT COURT
BUILDINGBHACHAU DIST- KACHCHH

---

Advocate for Applicant : K H PUJARA
A.P.P for THE STATE OF GUJARAT : M.R. JADEJA

મુળ સામાવાળા તરફે વિ.વ.શ્રી : એચ.બી.વાઘેલા

---

| | | |
|---|---|---|
| **બાબત** | : | બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી. |

---

**–: ચુકાદો :–**

(૧) આ કામના અરજદારનાએ મરનારને તેના કાકાની દીકરી સાથે પ્રેમ

સંબંધ હોવાની શંકા રાખી અરજદારે મરનારને મારી નાંખવાના ઈરાદે લોખંડનો પાઈપ મારી મૃત્યુ નિપજાવવાનો આક્ષેપિત ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. જે અંગેની ફરીયાદ રાપર પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૯૯૩૦૧૦૨૫૦૪૦૦/૨૦૨૬ બી.એન.એસ. કલમ–૧૦૩(૧), તથા એટ્રોસીટી એકટની કલમ– ૩(૨)(૫) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના કામે રજીસ્ટરે લેવાયેલ છે. સદર કામે જામીન મુકત થવા અરજદારે હાલની આ અરજી કરેલ છે. અરજદારની અરજીની નોટીસ સામાપક્ષને બજી જતાં વિ.એ.પી.પી.શ્રી એમ.આર.જાડેજા હાજર થયેલ છે અને ત.ક.અ.નું સોગંદનામું રજૂ કરેલ છે. આ કામે મુળ ફરીયાદી તરફે વિ.વ.શ્રી એચ.બી.વાઘેલાએ આંક–  વાંધા રજુ કરેલ છે. અરજી સંબંધે બંન્ને પક્ષોની મૌખિક રજુઆતો સાંભળવામાં આવેલ છે.

(૨) અરજદારના વિ.વ.શ્રી કે.એચ.પુજારાની તેવી રજુઆત છે કે, આ કામના આરોપી નિર્દોષ છે કાંઈ જાણતા નથી, ખોટીરીતે આ કેસમાં સંડોવી દેવામાં આવેલ છે. કેસ ચાલતા સમય લાગે તેમ છે. જો અરજદારને જામીન મુકત કરવામાં નહીં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકેશન થાય તેમ છે. અરજદારની ઉંમર ૨૩ વર્ષની છે. કુટુંબની જવાબદારી હોય. ચાર્જશીટ થયેલ હોય પુરાવા સાથે ચેડા થવાની સંભાવના નથી જામીન મુકત થવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

(૩) સામાપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તેવી રજુઆત છે કે, આ કામના અરજદારે શંકાના આધારે મરનાર ઉપર જીવલેણ હુમલો કરી મરનારનું મૃત્યુ નિપજાવેલ છે. અરજદારે ખૂબ જ ગંભીર ગુનો કરેલ હોય જો જામીન મુકત કરવામાં આવશે તો ટ્રાયલ સમયે હાજર નહીં રહે અને ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરે તેમ હોય જેથી જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે. મુળ ફરીયાદી તરફે પણ રજૂ થયેલ વાંધા મુજબ અરજદારની અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૪) બંને પક્ષની રજુઆતો તથા કેસની હકીકતો અને જામીન અરજી સંદર્ભે પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોને લક્ષમાં લેતાં આ કામના અરજદારે

મરનાર ઉપર કાકાની દીકરી સાથે પ્રેમ સંબંધ હોવાની શંકા રાખી આક્ષેપિત ગુનો કરેલ હોવાનું તહોમત છે. કેસની હકીકતો જોતાં આ કામના મરણજનાર જયારે મો.સા. લઈને જતાં હતાં ત્યારે અરજદાર તેની પાછળ–પાછળ ગયેલ અને અરજદારે મરનારને મારી નાંખવાના ઈરાદે લોખંડના પાઈપથી મોઢાના ભાગે, નાકના ભાગે તેમજ દાઢીના ભાગે મરણતોળ ઈજાઓ પહોંચાડતા મરનાર સ્થળપર જ બેભાન થઈને પડી ગયેલ. મરનારને ૧૦૮ એમ્બ્યુલન્સમાં હોસ્પીટલમાં લઈ જતા તે મરણ પામેલ હોવાનું જાહેર થયેલ. તે રીતે આ કામના અરજદારે શંકાના કારણે મરનાર ઉપર જીવલેણ હુમલો કરી તેનું ખુન કરી ગુનો આચરેલ છે. અરજદારની સીધી સંડોવણી હોવાનું મટીરીયલ ત.ક.અ.એ ચાર્જશીટ સાથે રજુ કરેલ છે. તે રીતે ગુનાની ગંભીરતા લક્ષમાં લેતા આરોપી સામેના આક્ષેપિત ગુનાનો પ્રકાર જોતાં તેમાં અરજદારે ભજવેલ ભાગ જોતાં અરજદારને જામીન ઉપર મુકત કરવા વ્યાજબી, ન્યાયિક તથા ઉચિત જણાતું ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**– : : હુકમ : : –**

(૧) અરજદાર ભરતભાઈ કેસાભાઈ કોલીની બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ જામીન મુકત થવાની અરજી નામંજૂર કરવામાં આવે છે.

– હુકમ આજરોજ તારીખ :–૧૬મી , માહે :–માર્ચ, સને :– ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ :- ૧૬/૦૩/૨૦૨૬<br>સ્થળ :- ભચાઉ.<br><br>J.H.GOHIL | (ભરત લાલચંદ ચોઇથાણી)<br>પાંચમા અધિક ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ<br>કચ્છ ભચાઉ<br>(કોડ નં.જીજે૦૦૬૯૦) |